RAN-2101000106020007

# RAN-2101000106020007

## T. Y. B. A. (Sem. - VI) Examination October - 2023

## Gujarati : Paper - XXII - B

## અપઠિત અનસીન

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(૧) **નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ T. Y. B. A. (Sem. - VI)

Name of the Subject :

☛ Gujarati : Paper - XXII - B - અપઠિત અનસીન

Subject Code No.: 2101000106020007

Seat No.: 

Student's Signature

**પ્ર. ૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ)** **(૧૦)**

૧. રાજેન્દ્ર શાહને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર ક્યારે મળ્યો? તેમના સાનેટમાળા સંગ્રહનું નામ જણાવો.

૨. કવિતાના આસ્વાદકે કઈ બાબતોનું કદાપિ આલેખન ન કરવું જોઈએ?

૩. ચિનુ મોદીના તખ્ખલુસ અને બે કાવ્યસંગ્રહના નામ લખો.

૪. ભૂતકાળમાં બની ગયેલા દશ્યનો એક અંશ વર્તમાન ઘટનાના વર્ણનમાં વચમાં રજૂ કરવામાં આવે તેને કઈ ચાવીરૂપ સંજ્ઞાથી ઓળખાવી શકાય?

૫. વિરેચન સંજ્ઞાની ચર્ચા કયા પાશ્ચાત્ય વિવેચકે કરી છે?

૬. 'શરદ ધવલાં આકાશોને ભરી સભરાં હસ્યાં' – કયા છંદનું દષ્ટાંત છે?

૭. લઘુ અને ગુરુ અક્ષરોની નિશ્ચિત સમયે ગોઠવણી કરવામાં આવે તેને શું કહેવાય?

૮. કયા પ્રકારના છંદમાં કાવ્યની દરેક પંક્તિમાં અક્ષરોની સંખ્યા જ નિશ્ચિત હોય છે? કોઈ પણ એક છંદનું નામ જણાવો.


P0405

**પ્ર. ૨. કવિ સર્જકની કેફિયતને આધારે કોઈપણ એક સર્જકની સર્જનપ્રક્રિયાનો પરિચય કરાવો.** (૧૩)

૧. રમેશ પારેખ

૨. હરીન્દ્ર દવે

૩. ઉમાશંકર જોશી

**પ્ર. ૩. કાવ્યકૃતિનો આસ્વાદ કરાવો.** (૧૩)

''શોધતો હતો ફૂલ ને ફોરમ શોધતી હતી મને
એકબીજા શોધતાં ગયાં દૂર, તો આવ્યા કને
ક્યાંક રે આંબો ટહુક્યો
એની વનમાં મ્હેકી વાત
કમળ જેવો ખીલતો દિવસ
પોયણા જેવી રાત
શોધતો રહ્યો ચાંદ ને રહી ચાંદની શોધી મને
એકબીજાને શોધતાં ગયા દૂર, તો આવ્યાં કને
આંખ મીચું ત્યાં
જૂઈનું ગાલે અડતું ઝાકળ ફૂલ,
મનમાં હળુક કહેરવા લાગે
વ્યોમથી કિરણ - ઝુલે
શોધતો જેની પગલીઓનો મારગ શોધે મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.''

- ચંદ્રકાન્ત શેઠ

**અથવા**

**પ્ર. ૩. ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.**

૧. સંન્નિધિકરણ

૨. તિરોધાન

પ્ર. ૪.(અ) સ્રગ્ધરા, હરિગીત, મનહર, શિખરિણી, - **પૈકી કોઈ પણ બે છંદ ઉદાહરણ સહિત સમજાવો.** (૦૭)

(બ) **કોઈ પણ બેના છંદ ઓળખાવી બંધારણ સમજાવો.** (૦૭)

૧. ‘ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં.’

૨. ‘અમર ઇતિહાસને ચોપડે શોણિત
વ્યાળ શું તે સદાકાળ શાપે.’

૩. ‘ઈન્દ્રપ્રસ્થ જનો આજે વિચાર કરતા હતા,
એક બાબતને માટે, શંકા સૌ ધરતા હતા.’

૪. ‘ચલો મન, ચલો! વહો વહનશીલતા જીવન
વહો, વહનશીલને જ સુખસિન્ધુનાં મજ્જન.’

---